## 'કૅમેરા ઑન છે' : 'નિરુદ્દેશે ચલમ ફૂંકવા પંચમુખી....' | સિલાસ પટેલિયા

[**કૅમેરા ઑન છે :** લાભશંકર ઠાકર, પ્ર. આ. ૨૦૦૯ પ્રકા. રન્નાદે, અમદાવાદ, પૃ. ૧૪૦, કિં. રૂ. ૯૦/-]

લાભશંકર ઠાકરનો કાવ્યસંચય 'કૅમેરા ઑન છે' વાંચતાં-માણતાં જે. કૃષ્ણમૂર્તિનું આ વિધાન મનમાં તરત ઊપસી આવ્યું. 'જો તમે 'જે છે' તેને નિહાળો છો તો તમે વિશ્વને નિહાળો છો. અને 'જે છે' તેને નકારો છો તો તે સંઘર્ષનું મૂળ છે. વિશ્વનું સૌન્દર્ય 'જે છે' તેમાં જ છે. 'જે છે' તેની સાથે રહેવું...'

આ વિધાનમાં 'જે છે' કેન્દ્રમાં છે. 'જે છે' એ નિહાળનાર કેન્દ્રમાં છે. 'જે છે' વડે સમસ્ત સાથે જોડાવાની ખેવના છે. આ 'જે છે' એ અંદરબહાર બેઉ સ્તરે છે ને એને જોવાની પ્રક્રિયાય બંને છેડે છે. કૅમેરાને ઑન કરીને કવિ લાભશંકરે આ 'જે છે' એને મીડ શૉટ, લૉંગ શૉટ, ક્લોઝઅપથી પકડ્યું છે. ડિસ્ટન્સ ક્રિએટ કર્યું છે. પોતાને એનસર્કલ કરીને જોવાની મથામણો કરી છે. કૅમેરાને ઝૂમ પણ કર્યો છે. કવિ રાજેન્દ્ર શાહે ગાયેલું : 'નિરુદ્દેશે / સંસારે મુજ મુગ્ધ ભ્રમણ / પાંશુમલિનવેશે' ને લાભશંકરે આ સંચયના છેડે ગાયું : 'નિરુદ્દેશે ચલમ ફૂંકવા / પંચમુખી' (પૃ. ૧૨૮) નિરુદ્દેશેનો હેતુ તો બંનેમાં છે. એકમાં ભ્રમણ છે. બીજામાં પંચેન્દ્રિયથી માણવાની વાત છે 'ચલમ ફૂંકવા'માં એ સૂચિત છે જ. આમ, 'જે છે' એને સતત જોવા-માણવાની મથામણ 'કૅમેરા ઑન' કરીને કરવામાં આવી છે. જુદી જુદી સ્થિતિઓમાંથી પસાર થતાં થતાં જે અનુભવમાં લય પામ્યું એનું અહીં એક મુવી છે, ટુકડા ટુકડામાં છતાં એ સળંગ ૧૨૭ લૉંગ શૉટ, મીડ શૉટ અને ક્લોઝઅપમાં ચાલતું રહ્યું છે. એક કાવ્યમાં આ સળંગ મુવીનું મૂળ પડેલું જોઈ શકાય છે – કાવ્યક્રમ : ૯૮

'અંદર જોતી આંખ ક્લોઝઅપમાં / સ્થગિત થઈ ગઈ એવી કે / સજીવ હોવાના અહેસાસ માટે / દિગંબરી અભિનિવેશમાં હું મને / એનસર્કલ કરી રહ્યો છું / વિધાઉટ કટ.' (પૃ. ૯૯)

વિધાઉટ કટ આ કૅમેરા ચાલ્યો છે. કૅમેરામૅનની આંખ એ જ ઝંખે છે કેમકે અંદર જોતી આંખ આ 'જે છે' એના માટે તરસે છે ને એમાં હોવાપણાની પ્રતીતિ છે. એ તીવ્ર છે એથી જ એક જબ્બર અભિનિવેશ પણ છે. આ એક એવી જગા છે જ્યાં આ આંખ એનસર્કલ થઈ છે ને આગળના ૧૨૬ શૉટ એણે દિગંબરી અભિનિવેશથી ઝીલ્યા છે. એ કેવા છે એ જોવાની ભાવકલેખે આપણીય ઇચ્છા છે.

કાવ્યનાયકના અનેકાનેક ધમપછાડાની ભીતરમાં પણ એ જ શોધે છે. સ્વ સાતેની મથામણમાંથી એ પકડાય છે.

'આ શેના ધમપછાડા માંડ્યા છે વારુ ? / સન્નિધિની નાગચૂડમાંથી છૂટવાના. / છૂટીને શું કરવું છે ? / મારે / મને જોવો છે.' (પૃ. ૦૭)

'મારે મને જોવો છે' આ વિધાન એક પોલાદી તાકાત લઈને આવનારું છે. ઈશ્વરને જોવો નથી. 'મને' જોવો છે. Absurdityની સામેય ખુદને જોવાની ખેવના છે. આયેનેસ્કો કે બેકેટનો નાયક જે રીતે ભરી દુનિયામાં 'જાત'ને, પારાવાર વેદના વચ્ચે, પારાવાર સંવેદનાસહિત શોધે છે એવું આ પંક્તિમાં છે. અસ્તિત્વવાદી ચિંતનનું આ કાવ્યરૂપવિધાન છે. સીધું લાગે પણ એ ભારે સંકુલ છે. 'નાગચૂડ' પ્રયોગ આદિમતા ભણી લઈ જાય છે. નાગ ને એની ચૂડ – બંનેમાં એ સૂચિત છે. દૃશ્યાત્મકતા સાથે સન્નિધિનો ખ્યાલ નવું જ પરિમાણ આપે છે. શોધ છે તો પ્રતીક્ષાય છે. કંટાળોય છે. કસોટીય છે ને અપાર વેદનગર્ભ ચિત્ત હોય તેથી વેદનામય સ્થિતિય છે એ ભાવ આવે છે આ રીતે :

'ખડક હોવું કાંઠા પરના / અને છાલકોનું સતત અથડાતા રહેવું / રે ક્યારે ઓગળશે / આ / ઓગળવાના સાતત્યની પ્રતીક્ષા ?' (પૃ. ૧૨)

ભારતીય ધર્મપરંપરામાં અહલ્યાનો સંદર્ભ આવે છે. દેવ એનો ઉદ્ધાર કરે છે, પથ્થર ઓગળે છે જાણે ! પરંતુ બીજો એક છેડો છે અસ્તિત્વને તારસ્વરે પામવાનો, માણવાનો, શોધવાનો, જે કામૂ, સાર્ત્ર અને એ પછી બેકેટ, આયેનેસ્કોમાં છે જેમાં નિરંતર પ્રતીક્ષાનોય સંદર્ભ છે. 'વેઇટિંગ ફૉર ગોદો'માં સૅમ્યુઅલ બેકેટે જે રીતે પ્રતીક્ષાને અસ્તિત્વ સાથે સાંકળીને નવું જ રૂપ આપ્યું છે એ અહીં પણ જોઈ શકાશે. 'મિથ ઑફ સિસિફસ'માંય ખડક છે ને ચઢાણ છે ને અંત નથી ! અહીં 'ખડક' ઓગળે એવી ધખના અગત્યની છે. કાંઠો છે. ત્યાં ખડક છે. ખડક પર જળ અથડાય છે. નિનાદ પણ સંભળાય છે. છતાં ઓગળવાની ઝંખના એમ જ પ્રતીક્ષારત રહે છે, આ છે નિયતિ ! જળ ઓગાળે ને જળ હોય એ ઘટના સ્વયં રોમાંચક છે, છતાં અહીં આ પરિસ્થિતિ કરુણવક્ર છે. સાચે જ કૅમેરા ઑન છે ને જે રીતે એણે ખડક, જળ ને છાલકોનું ફિલ્માંકન કર્યું છે એ, આ ત્રણ સિવાયનું ઘણુંય આંખ, કાન, નાક, સ્પર્શ સામે લાવે છે. સમુદ્ર ને આખોય એ પરિવેશ આંખ આગળ તરવરે છે.

અસ્તિત્વની નિરર્થકતાની સાર્થકતા સંવેદનશીલતાને મરવા ના દેવામાં છે. 'મિથ ઑફ...'માં ટોચે જવું ને પથ્થરનું પડી જવું ને પરત આવવું – આ એકધારી ક્રિયામાં જે આવનજાવન છે એમાં જો સંવિત્ લીલું રાખી શકીએ તો જ સાર્થકતા યા જીવંતતા પામી શકીએ. ૨૬મા કાવ્યમાં નાયક કહે છે, 'અંતર કપાયું નથી...' સિસિફસનું સ્મરણ થાય ! પરંતુ તરત કહે છે : 'પ્રતીક્ષા ઓલવાઈ નથી / નિષ્પલક આંખોએ / પલકારો ખાધો નથી સદીઓથી. / છે. / અને આવે છે. / વચ્ચે છે પ્રલંબ ભૂરો પટ.' (પૃ. ૨૬) આમાં સદીઓના સમયસંદર્ભમાં માનવનિયતિ પડેલી છે તો 'પ્રલંબ ભૂરો પટ' એ નિયતિને સહ્ય બનાવે છે. અર્થ આપે છે. પ્રતીક્ષા તો છે જ. એ ઓલવાવાની નથી જ પણ પ્રતીક્ષા કરવાનું ગમે એવુંય કંઈક છે – એ છે ભૂરો પટ ! આ અગત્યની બાબત છે. દરિયો, કાંઠો, એની વચાળે માનવ ! એની પ્રતીક્ષા, ....ને પ્રલંબ ભૂરો પટ ! બધું જ કૅમેરામૅન ભાવક સામે જે રીતે પ્રગટાવે છે એ લીન બનાવી દે છે. આ ભૂરોપટ જ, એ પ્રતીક્ષા જ જીવવાના માર્ગો રચે છે. ચિતારાની પીંછી મને ચીતરીને ઊંઘી ગઈ છે ? એવો સવાલ એથી જ કાવ્યનાયકને થાય છે કેમકે એને હજુ મોં ચિતરાવવું છે. ઝૂલવુંય છે. ચમક ચમક થતા તારા જોવામાં એ રત બને છે. મેઘારાજા બગીચો પાથરશે મનમાં, એવીય તરસ છે ને પૂર્ણય થાય છે કેમકે નાયક કહે છે કે પાથરવા દ્યો બગીચો મનમાં, 'છે છે છે જગ્યા અમાપ.' આ છે મનલીલા ! ધુમ્મસમાંય લયભેર એ ખીણોની ખીણોમાં તરે છે. ધૂળધાણી થયેલા જીવન પાસે પણ એ ઊભો છે તો કઈ મુદ્રામાં ? જુઓ : '....આ વેરણછેરણ સાથે / હજી / નિસબત છે મારી. / I am still alive' (૬૧) ઓળખ આમાં છે ને તેથી જ ૪૮મા કાવ્યમાં એ કહે છે કે પ્રતીક્ષા છે પણ એવી ક્ષણની નહીં જેમાં મારી બાદબાકી થઈ જાય, બધું જ વિગલિત થયા પછીય મારે મારો 'હું' તો જોઈએ જ ! કેમકે એ તીવ્રતાથી કથે છે : 'જે મને આ સંદર્ભસૃષ્ટિમાં ઊભો રાખે. / અન્યથા / એના વગર તો હું / કડડભૂસ

કરતો તૂટી પડું વેરવિખેર. / મારે / મારા સિવાયના / કોઈ સરવાળાની જરૂર નથી.' (પૃ. ૪૮) અસ્તિત્વનું સાર્થક્ય આ અગ્નિગર્ભ વેદનશીલતામાં છે. વહેવાનો એક સંદર્ભ ૬૨મા કાવ્યમાં છે. ગમગીનીને પણ વહાવી દીધી છે. એ પછી હ્યુમન રિલેશન માટેની કન્સન પ્રગટ થાય છે – અધર ઇઝ હેલ – એવું નહીં જ બલ્કે 'આ વસંત ખીલે શત પાંખડી, કોઈ આવો ને.' (૬૨) 'હરિ આવો ને...' એવું નહીં ! 'કોઈ' આવો ને ! આર્જવભાવ છે. 'કોઈ'ને બોલાવવામાં other is Hellનો છેદ ઊડી જાય છે. Culture-Root પણ આપણને ક્યાં કેવી રીતે બાંધે છે ને મૂલ્યસ્થાપન કરે છે એનુંય આમાં ચિત્ર છે. આવી માનવીય નિસબત બહુ જ અગત્યની છે. આવા સંદર્ભમાં ૩૯મું કાવ્ય ટાંકવાનું મન થાય છે : 'પ્રકૃતિ જ રક્ષણ કરે છે સમભાવભરી / નિસબતનું / એની પ્રેરણાથી / અન્યને વીંધી નાખવો / પછી સમભાવથી પાટાપિંડી કરવી / તે / કહો પ્રકૃતિ વિના શક્ય છે ?' (૩૯) આમાં પ્રકૃતિ અને સંસ્કૃતિ બંનેનો સમન્વય છે. પ્રકૃતિ તો છે જ, એની પ્રેરણાથી જ સંસ્કૃતિ જન્મી છે ને વીંધી નાંખવાની હિંસ્રતામાંય પ્રકૃતિ છે પરંતુ 'સમભાવથી પાટાપિંડી' કરવામાં સંસ્કૃતિસંદર્ભ છે કેમકે માનવસંબંધમાં જે નિસબતના તાણાવાણા છે એ આદિમતાથી ખસીને આગળ વધેલા છે. આ આખીય રચના અર્થગંભીર છે. હોનારત, પ્રકૃતિની જ નીપજ છે પરંતુ એની વચ્ચે માનવીય નિસબત અગત્યની છે. માનવપ્રકૃતિ માટે પણ આ બાબત એટલી જ સાચી છે. સતત મનના ઉધામાઓ, મનની લીલાઓ અને વેદનાઓની વચ્ચે કાવ્યનાયક પોતાને શોધે છે ને પામેય છે. આ જાત સાથેનો મુકાબલો, આ રચનાઓને પરમ આસ્વાદ્ય બનાવે છે. પ્રતીક્ષા, સ્મૃતિ, શ્રુતિ, પુરુષાર્થ આદિ વડે આ મુકાબલો સૂચવાયો છે. એ વડેય આનંદમાં લય પામવાની ધન્યતા તો છે જ. 'નાકની નથ જેણે કાનમાં પહેરી છે / તે સ્મૃતિ / રોકાઈ ગઈ છે વનમાં / વાઘ વરુ ને ઝાઝાં વાંદરાને / ટગર ટગર તાકવામાં.' (પૃ. ૭૫) તાકવાની આ પ્રક્રિયા લીલયા છે. એક ક્રીડા છે. સ્મૃતિને આવી રીતે મૂર્ત કરવામાં જે દશ્યાત્મકતા છે, એ એકલા 'નથ'થી સુંદરી રૂપે ખીલે છે. અંતે તો આનંદલય જ બાકી રહે છે.

કૅમેરો જુદી જુદી જગાએ ઘૂમે છે. કાવ્યનાયકના મનોગતના વિધ વિધ પડાવોને એ તાકે છે. એક સ્ટિલચિત્ર : 'ખબર જ નથી કે / કેટકેટલાં બારીબારણાંથી રચાયેલો / એક / આવાસ છું હું.' (૬૭) બારીબારણાં ને આવાસના આ સંદર્ભમાં માનવસંબંધ તો નિહિત છે જ છતાં એની અકળતા અંગેય અકળામણ છે. શોધ છે. આ શોધનો – પુરુષાર્થનો અંત ક્યારે ? 'ક્યારે હું / મારા આ નિખિલ આવાસની / સંદર્ભસમગ્રતાને પામીશ ?' (૬૭) આ જે ધારદાર પ્રશ્નો છે એમાં પેલી તીવ્રતમ પ્રતીક્ષા, જે મોટાભાગનાં આ કાવ્યોમાં છે એને નવો જ અર્થ મળે છે. ફરી યાદ આવે : Waiting for Godo ! પહેલાં 'આવાસ' અંતે 'નિખિલ આવાસ' આ સંદર્ભ અમસ્થો નથી જ ! આવાસથી ભૂમાને સ્પર્શવાની વાત છે. ટાગોરનું સહજ સ્મરણ થાય છે. ઉમાશંકરની વિશ્વમાનવચેતના જરા જુદા સંદર્ભે અહીં પ્રગટતી અનુભવાય છે. જોકે વિશ્વના હરેક મહાન કવિની સંવેદનયાત્રા 'આવાસ'થી 'નિખિલ આવાસ' ભણીની હોય છે. રિલ્કેય સ્મરણે ચઢે ! બીજા એક પડાવમાં 'રંગમંચ' બની જાય છે કાવ્યનાયક ! કઈ રીતે ? તો મશ્કરું ઠઠ્ઠાબાજ વિનોદી એનિમલ નાયકનાં ગભરામણ, ક્ષુબ્ધતા, રઘવાટને ઉછાળતું ઉછાળતું કૂદકા સાથે નર્તન કરતું કરતું આ સ્થિતિ રચે છે. રંગમંચ પણ નાયક ! પ્રેક્ષક પણ નાયક ! આરંભે સુંદર ગતિશીલ ચિત્ર – તરલ ચંચલ... પછી સ્ટિલચિત્ર ! અંતે વળી પ્રેક્ષકના સંદર્ભમાં ક્રિયાશીલતા, જે અપેક્ષિત છે. બને છે આંખ સામે – I am scattered before my end. (પૃ. ૭૨) આ પ્રત્યેક પડાવોમાં વળી ગતિ તો છે જ. સતત મન સક્રિય છે. તીવ્રતમ સંવેદનાથી ખચિત ! ૧૧૩મા કાવ્યનો ઉઘાડ છે : 'ઝગારા મારે છે તે ડિઝાયર છે.' ઉઘાડમાં જ ડિઝાયર ઝગારા મારતી તાદશ થાય છે, કૅમેરા બરાબર સક્રિય છે. ડિઝાયર કેવી ? 'નિર્વસન થવું છે' 'સમૂહ થવું છે' 'રક્તનો નૈવેદ્ય' પીવો છે...

આમાં આદિમતાનું ચિત્ર અંકિત થયું છે. સમૂહજમાતમાં સાથે હોવાનો ભાવ તો ઘૂંટાયો જ છે પણ રક્ત, નૈવેદ્ય, નિર્વસન આદિમાં જે culture સૂચિત છે એ આ culture સામે અથડાય છે. મૂળ તો આ એક જબ્બર આક્રોશ છે આજની આપણી આ ઢંગધડા વગરની સંસ્કૃતિ સામે, જે બદ્ધતા, જડતા, વિધિનિષેધોમાં આપણે બંધાયા છીએ એની સામે આ શેષ છે. એટલે જ એ કાવ્યના અંતે નાયક કહે છે : 'સર્વથા / પી જાય મને પછી / આ કૅમેરા ઑફ કરીશ ? હા.' પ્રશ્નાર્થનો હકારસૂચક જવાબ છે. મુક્તિ પામ્યા પછી આ કૅમેરા ઑફ !

આમ, કૅમેરા ઑન કરીને કવિએ આ પરિદશ્યમાન જગતને ઝીલ્યું છે જેમાં કેવળ ફિલ્માંકન-શબ્દાંકન જ નથી, પરંતુ અસ્તિત્વપરક ઊંડી સંવેદનાથી રસાયેલું ચિંતન પણ છે જે વિવિધ કલ્પનોમાં ને પ્રતીકાત્મક સંદર્ભોમાં પ્રગટ થયું છે. એક ભાવકલેખે આપણી આંખ અને અંતર, કવિનો આ કૅમેરા ઑન રહે એવું ઝંખે ને અવનવાં દશ્યો રચાતાં રહે ને આપણે માણતાં રહીએ !